# બાયડ મામલતદાર કચેરીમાં આધારકાર્ડ કાઢવાની કામગીરી બંધ, અરજદારોને હાલાકી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

અરવલ્લી જિલ્લો અનલૉક થયો છે, તમામ કચેરીઓ ૧૦૦ ટકા સ્ટાફ સાથે જીવંત બની છે ત્યારે બાયડ મામલતદાર કચેરીમાં છેલ્લા ૩ મહિનાથી આધારકાર્ડ કાઢવાની કામગીરી બંધ રહેતાં અરજદારોને હાલાકી થઈ રહી છે. નવું શૈક્ષણિક સત્ર તા.૭ જૂનથી શરૂ થયું છે. ધો.૧ માં પ્રવેશ મેળવનારા બાળકો માટે આધારકાર્ડ ફરજીયાત છે પરંતુ જે બાળકોને આધારકાર્ડ નથી તેને લઈને વાલી, શાળાના શિક્ષકો મુશ્કેલી અનુભવે છે. શાળામાં આધારકાર્ડ આપવાની વ્યવસ્થા ઉભી કરવાની અનેક પ્રા.શિક્ષકોએ માંગ કરી છે.

## ધો. ૧ માં પ્રવેશ મેળવનારા બાળકો માટે શાળામાં આધારકાર્ડ આપવાની વ્યવસ્થા ઉભી કરવા પ્રા.શિક્ષકોની માંગ

### બાયડમાં આધારકાર્ડની કામગીરી શરૂ કરાશે : મામલતદાર

બાયડ : બાયડ મામલતદાર કે. બી. સોલંકીનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે ટૂંક સમયમાં જ આધારકાર્ડ કાઢવાની કામગીરી શરૂ કરવામાં આવશે.

આધારકાર્ડ અનેક લોકો માટે આધાર બની રહ્યું છે. સરકારની અનેક યોજનાઓના લાભ માટે આધારકાર્ડ ફરજીયાત જેવી સ્થિતિ છે. કેટલાક કિસ્સાઓમાં ગરીબ પરિવારોએ પૈસા આપીને આધારકાર્ડ કઢાવ્યું હોવા છતાં તેમને આજદિન સુધી આધારકાર્ડ મળ્યા નથી. કેટલાક કિસ્સાઓમાં ગરીબ પરિવારો અભણ હોવાના કારણે પણ યોગ્ય વ્યવસ્થાથી અજાણ હોવાથી થાકીને આધારકાર્ડ કાઢવાનું ટાળી રહ્યા છે. કોરોનાના કારણે તમામ જનસેવા કેન્દ્રો બંધ હતાં. આધારકાર્ડની કામગીરી પણ બાયડ મામલતદાર કચેરી સહિત અન્ય કચેરીઓમાં છેલ્લા ૩ મહિનાથી બંધ છે અને હવે કોરોનાનું સંક્રમણ ઘટ્યા પછી અરજદારો મામલતદાર કચેરીમાં આધારકાર્ડ માટે આવતા હોય છે. ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા અરજદારો આધારકાર્ડની કામગીરી બંધ હોવાનું જાણી નિરાશ થઈ પાછા ફરી રહ્યા છે. આ સંજોગોમાં બાયડ મામલતદાર કચેરીમાં સત્વરે આધારકાર્ડ કાઢવાની કામગીરી શરૂ થાય તેવી અનેક અરજદારોએ માંગ કરી છે. બાયડ તાલુકામાં ધો.૧માં ૪૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે તે પૈકી મોટાભાગના બાળકો પાસે આધારકાર્ડ નથી અને શાળા પ્રવેશમાં આધારકાર્ડ જરૂરી છે. આ સંજોગોમાં તંત્રએ વર્તમાન સ્થિતિને સમજીને શાળામાં જ વિદ્યાર્થીઓને આધારકાર્ડ મળી રહે તે પ્રકારની વ્યવસ્થા કરવી રહી.

# ઉત્તર ગુજરાતમાં એસ.ટી. નિગમ દ્વારા ૭૫ ડીલક્ષ બસની ફાળવણી

## ૨૫ ડેપોના જુદા જુદા રૂટ ઉપર બસ દોડતી થઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા મુસાફરોને એસ.ટી.ની આરામદાયક સુવિધા મળી રહે તે માટે ઉત્તર ગુજરાતના ૩ જિલ્લામાં નવી ૭૫ ડીલક્ષ એસ.ટી. બસ ફાળવવામાં આવી છે. એસ.ટી. વિભાગ દ્વારા સાબરકાંઠા, મહેસાણા અને પાલનપુર જિલ્લાના ૨૫ ડેપોને બસ ફળવાતાં જુદા જુદા રૂટ ઉપર પ્રદૂષણ મુક્ત એસ.ટી. બસો દોડતી થઈ છે. એસ.ટી. વિભાગ દ્વારા કોરોનાની ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખી અસંખ્ય રૂટ બંધ કરવામાં આવ્યા પછી હવે નવી બસોની ફાળવણીથી જિલ્લા સ્તરેથી લાંબા અંતરે બસ દોડાવવાના નિર્ણય લેવાયો છે.

સલામત સવારી, એસ.ટી. અમારી..ના સૂત્રને ચરીતાર્થ કરવા માટે હમણાંથી એસ.ટી. નિગમ ભરપૂર પ્રયાસ કરવાની સાથે આવકમાં વધારો થાય તેવા પ્રયત્નમાં લાગ્યું છે. અગાઉ મીની એસ.ટી. બસો બસ મથકોને ફાળવવામાં આવતાં ગામડાંના રૂટ ઉપરના મુસાફરોને વધુ સવલત મળવાની સાથે એસ.ટી.ની આવકમાં પણ કોરોના કાળ પૂર્વે વધારો જોવા મળ્યો હતો. હવે એસ.ટી. નિગમ દ્વારા ડીલક્ષ એસ.ટી. બસની ફાળવણી તબક્કાવાર રીતે કરવામાં આવી રહી છે. મુસાફરોના ધસારાને ધ્યાનમાં રાખી એસ.ટી. નિગમ દ્વારા ઉત્તર ગુજરાતના ૩ જિલ્લામાં ૭૫ નવી ડીલક્ષ બસો ફાળવવામાં આવતાં ૨૫ ડેપો દ્વારા રૂટ નક્કી કરી નવી એસ.ટી. બસ શરૂ કરવામાં આવી છે. જેમાં કેટલીક એસ.ટી. બસને લાંબા-ટૂંકા અંતરમાં લોકલ સ્વરૂપે તો કેટલીક એસ.ટી. બસને એક્સપ્રેસના સ્વરૂપમાં દોડાવી મુસાફરોની સુવિધા વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આરામદાયક બેઠક વ્યવસ્થા, સુરક્ષિત ડોર, વિન્ડો સાથેની એસ.ટી. બસ દોડતી કરવામાં આવતાં મુસાફરોની યાત્રા હવે વધુ આરામદાયક બની છે.

# જન્મદિને વધામણી


કાવ્ય મહેશભાઈ પટેલ
ભુડાસણ, તા.બાયડ


ઝાન્સી નિકુંજકુમાર પટેલ
છભૌ, તા.બાયડ


અર્ક તેજસકુમાર પટેલ
(વલ્લભનગર સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી


(સ્ટેમ્પ વેન્ડર)
(૨, શ્રીજીચરણ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી


પાર્થ મહેશભાઈ પટેલ
(વલ્લભનગર સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી


વિપુલકુમાર એન. શાહ
(સ્વામિનારાયણ-૨ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી


નિતાબેન પી. દોષી
(સ્વામિનારાયણ સોસાયટી)
બાયડ(ડાભા)


ડૉ.ચેતનભાઈ પટેલ
મોડાસા(લીંભોઈ)


શંભુ એન. ચોપરા
બાયડ, જિ.અરવલ્લી


લહેરચંદ પઢીયાર
(રવિપાર્ક સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી


યોગેશભાઈ રાવલ, એન્કર
હિંમતનગર, જિ.અરવલ્લી


મહેન્દ્રભાઈ પટેલ
(નિવૃત્ત આચાર્ય : વાસણીરેલ હાઈસ્કુલ)
વાસણીરેલ, તા.બાયડ


ભાગ્યેશ રીતેષકુમાર પંડ્યા
(મહાલક્ષ્મી સેલ્સ-હિંમતનગર)
હિંમતનગર, જિ.સાબરકાંઠા

**ઘરમાં રહો, સુરક્ષિત રહો...**

# અબોલા જીવનું રેસ્ક્યૂ : ગાંભોઈ પાસે ગરનાળામા ઊંટ ખાબકતા ક્રેઈનની મદદથી રેસ્ક્યુ કરી બચાવી લેવાયું

## એનિમલ એમ્બુલન્સ દ્વારા ઉંટને સારવાર માટે પાંજરાપોળ ખસેડવામાં આવ્યું : મૂંગુ પ્રાણી હેમખેમ બહાર નીકળી જતા સૌ જીવદયા પ્રેમીઓએ હાશકારો અનુભવ્યો હતો

હિંમતનગર, ગાંભોઈ (બ્યુરો ઓફિસ) તા.૧૭

સાબરકાંઠા જિલ્લામાં ગાંભોઈ પાસે ગરનાળામા ઉટ ખાબકતા ક્રેઈનની મદદથી રેસ્ક્યુ કરી બચાવી લેવાયું હતું. એનિમલ એમ્બુલન્સ દ્વારા આ ઈજાગ્રસ્ત ઉંટની સારવાર હાથ ધરાઈ હતી.એનિમલ એમ્બુલન્સ દ્વારા ઉંટને સારવાર માટે પાંજરાપોળ ખસેડવામાં આવ્યું હતું

સાબરકાંઠા જિલ્લામાંથી પસાર થતા ૬ માર્ગીય હાઈવે નવીનીકરણનું કામ છેલ્લા બે ત્રણ વર્ષથી મંથર ગતિએ ચાલી રહ્યું છે.જેમાં નવીન ગરનાળાના કામો પણ ચાલુ છે.આવા જ ગાંભોઈ પાસેના એક ગરનાળાની બાજુના સાંકડા ખાડામાં પડેલું ઊટ એમાં ફસાઈ ગયુ હતું.આપમેળે બહાર



નીકળવા ઘણાં ઉધામા કર્યા પણ સાંકડા સ્થળે ફસાઈ ગયેલ આ અબોલ પ્રાણીની આ દયનિય હાલત જોઈને અવતાજતા લોકોએ નાના મોટા આઈડિયા અજમાવી જીવદયા દાખવી પણ ઊટ નીકળ્યું નહિ. અંતે એનિમલ એમ્બુલન્સને જાણ કરતા ઘટના સ્થળે દોડી આવી આ અબોલ પ્રાણીને બચાવી લેવા રેસ્ક્યુ હાથ ધરવામાં આવ્યું હતું.ખૂબ જહેમત બાદ ક્રેઈન વડે ઉટને ખેંચી બહાર કાઢી સિધુ જ એમ્બ્યુલન્સ ટ્રકમાં

નાખી ગંભીર ઈજાગ્રસ્ત આ ઉટને સ્થાનિકો દ્વારા પાંજરાપોર ખાતે લઈ જવાયુ હતું.ખાડામાં દબાઈ રહેવાથી ઉટના અંગો જકડાઈ જતા રેસ્ક્યુથી બચાવી લીધા પછી સારવાર જરૂરી બની હતી.

આ રેસ્ક્યુ જોવા કુતૂહલવશ લોકોના ટોળેટોળા ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા. આ મૂંગુ પ્રાણી હેમખેમ બહાર નીકળી જતા સૌ જીવદયા પ્રેમીઓએ હાશકારો અનુભવ્યો હતો.



અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સિલાસણ ગામમાં શ્રી ઉત્તર બારેશી આંજણા ચૌધરી પટેલ સમાજના યુવાનો ધ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.સ્વ. સંજયભાઈ શાંમળભાઈ પટેલ,બિપીનભાઈ નારાયણભાઈ પટેલના સ્મરણાર્થે શ્રધ્ધાંજલી અર્પવા માટે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.ક્રિકેટના માધ્યમથી રૂપિયા એકત્રીત કરીને ગૌ-શાળામાં દાન અર્પણ કરાયું હતું.શ્રી ઉત્તર બારેશી આંજણા ચૌધરી પટેલ સમાજના યુવાનો દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# હિંમતનગર ખાતે ભારતીય જનતા પાર્ટીના જિલ્લા મીડીયા વિભાગની બેઠક યોજાઈ



પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે ભારતીય જનતા પાર્ટીના જિલ્લા મીડીયા વિભાગ ની બેઠક યોજાઈ હતી જેમા જિલ્લા પ્રમુખ, પ્રદેશ પ્રવક્તા , જિલ્લા સંગઠન પ્રભારી, મીડિયા સહ કન્વીનર, જિલ્લા મંત્રી, જિલ્લા કન્વીનર સહિત જિલ્લા તાલુકામાંથી ઉપસ્થિત કન્વીનર, સહ કન્વીનર ઉપસ્થિત રહ્યા હતા.

હિંમતનગર ખાતે ભારતીય જનતા પાર્ટી સાબરકાંઠા જિલ્લા ની મીડીયા વિભાગ ની બેઠક નવી સરકીટ હાઉસ ખાતે મળી હતી જેમા જિલ્લા પ્રમુખ જે.ડી.પટેલ, ભાજપ ના સહ પ્રવકતા અને ઉત્તર ઝોનના પ્રવકતા કિશોરભાઈ મકવાણા , ઉત્તરઝોનના મીડીયા કન્વીનર અને સાબરકાંઠા જિલ્લા સંગઠન ના પ્રભારી રેખાબેન ચૌધરી , ઉત્તરઝોન મીડીયા સહ કન્વીનર રાજુભાઈ ભટ્ટ, જિલ્લા સંગઠન પ્રભારી ભરતભાઈ આર્ય, જિલ્લા મહામંત્રી વિજયભાઈ પંડયા તથા કનુભાઈ પટેલ, જિલ્લા મિડીયા સેલના કન્વીનર પંકજભાઈ ધુવડ, સહ કન્વીનર દિવ્યેશ ભાઈ ભાવસાર ઉપસ્થિત રહ્યા હતા અને ઉપસ્થિત મહેમાનો દ્વારા ભારતીય જનતા પાર્ટીના જિલ્લાના મીડીયા વિભાગના પત્રકારો સાથે વાતચીત કરી હતી અને એકબીજાની વાતો શેર કરી હતી તો પાર્ટીએ કરેલ કામોનુ કે લાભોનુ છેવાડાના માનવી સુધી પોહચે તેવી પત્રકારો ને હાકલ કરી હતી.

# સાબરકાંઠા, અરવલ્લી પોલીસ વડાને દારૂના અડ્ડા નેસ્તનાબૂદ કરવા આદેશ

## બુટલેગરો સાથે સાંઠગાંઠ રાખતા પોલીસ કર્મીઓની જિલ્લા બહાર બદલી કરો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

રાજસ્થાનથી વિપુલ પ્રમાણમાં ગુજરાતમાં દારૂ ઠલવાઈ રહ્યો છે. દારૂની બદી વધતાં અનેક પરિવારો બરબાદ થયા છે ત્યારે રાજ્યના ડી.જી.પી.એ દારૂની બદીને નેસ્તનાબૂદ કરવા એક્શન પ્લાન અમલી બનાવ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી પોલીસવડાને પણ દારૂના અડ્ડા નેસ્તનાબૂદ કરવા આદેશ આપવામાં આવ્યા છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના અનેક પોલીસ કર્મીઓ આજે પણ બુટલેગરો સાથે સાંઠગાંઠ ધરાવે છે. બુટલેગર સામે કોઈ ફરિયાદ તો તેની જાણ કરી બક્ષીસ ઓળવી જતા હોવાના આરોપ લાગેલા છે. ત્યારે બુટલેગરના મિત્ર બની ગયેલા પોલીસ કર્મીઓની જિલ્લા બહાર બદલી કરી જિલ્લાને દારૂબદી મુક્ત બનાવવાનો પ્રયાસ જરૂરી છે.

### દારૂના બુટલેગરોએ ગેરકાયદેસર જમીન, ખેતરમાં દારૂ છૂપાવવા મકાન બનાવ્યાં

બાયડ : પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાના કેટલાક ખ્યાતનામ બુટલેગરોએ છેલ્લા કેટલાક સમયથી દારૂની બદી ઉપર પોલીસની ઘોંસ વધ્યા પછી બુટલેગરોએ દારૂની અધધ આવકમાંથી ઝૂંપડપટ્ટી હોય તેવા વિસ્તારમાં ગેરકાયદેસર જમીન ઉપર તેમજ ખેતરમાં દારૂ છૂપાવવા માટે મકાન તેમજ પાણીની ટાંકીઓ બનાવી દીધી છે અને તેમાં દારૂ સંતાડી રખાતો હોવાની પણ વિગતો સામે આવી રહી છે.

ગુજરાતમાં સૌથી વધુ દારૂ ઠલવાઈ રહ્યો છે. માત્ર શામળાજી સરહદે જ દર વર્ષે કરોડોની કિંમતનો વિદેશી દારૂ પોલીસ, એલ.સી.બી. અને સ્ટેટ વિઝીલન્સ દ્વારા પકડવામાં આવે છે પરંતુ પકડી ન શકાયો હોય તે દારૂનો જથ્થો પણ તેનાથી ૨ થી ૩ ગણી કિંમતનો હોય છે. ઉત્તર ગુજરાતની ૭ થી વધુ સરહદોમાંથી રાજસ્થાનથી ગુજરાતમાં દારૂ ઘુસાડવામાં બુટલેગરો અને સપ્લાયરો કામીયાબ રહ્યા છે. દારૂની વધતી બદીથી પોલીસ વિભાગ પણ સમસમી ઉઠ્યો છે અને હવે ડી.જી.પી. આશિષ ભાટીયા દ્વારા દારૂના અડ્ડાઓ ઉપર રાજ્ય વ્યાપી દરોડાનું અભિયાન શરૂ કરવાનો નિર્ણય લીધો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં નાના-મોટા ૧૨૦૦ થી વધુ અડ્ડા હોવાની લોકચર્ચા છે. પોલીસની ઘોંસ વધતાં બંન્ને જિલ્લામાં નાના-મોટા ૧૦૦ થી વધુ અડ્ડા ધમધમી રહ્યા છે. જ્યારે બાયડ પોલીસ સ્ટેશનની હદમાં દારૂબંધીનો અમલ ભૂલાયો હોય તે રીતે દિવસ-રાત ભૂખેલ રોડ, બાયડ ગામ, જૂના બસ સ્ટેશન અને લાખેશ્વરી વિસ્તારમાં દારૂ ઢીંચનારાઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે છતાં દારૂના અડ્ડા નજરઅંદાજ થતાં અનેક તર્ક થઈ રહ્યા છે. ઉચ્ચ કક્ષાએથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા પોલીસ વડાને દારૂની બદી નેસ્તનાબૂદ કરવા આદેશ અપાયા પછી બાયડમાં સંપૂર્ણપણે દારૂબંધી અમલમાં આવશે કે કેમ..?? તેના ઉપર જાગ્રત પ્રજાની નજર ટેકવાઈ છે.

# પ્રાંતિજ સહિત તાલુકામાં રાત્રી દરમ્યાન વરસાદ સાથે મીની વાવાઝોડુ આવ્યું

પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકા મા રાત્રી ના સમયે સિઝનના પહેલા વરસાદ ની ગાજવીજ સાથે પવન ધમાકેદાર એન્ટ્રી થઈ હતી જેમા પ્રાંતિજ તાલુકામા પવન ને લઈ ને ત્રણ મકાન ના છાપરા અને એક ફાર્મ હાઉસ માં તબેલા નો સેડ ઉડયો હતો તો સેડ ઉડતા ગાય ઉપર પણ તા ગાય નુ મોત નિપજયુ હતુ તો એક વિજપોલ તથા અનેક જગ્યાએ ઝાડના ડાળા પડવાની ઘટના સામે આવી હતી .



પ્રાંતિજ સહિત તાલુકામા મોસમ ના પહેલા વરસાદ ની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી અને ગાજવીજ પવન સાથે વરસાદ પડયો હતો તો તેજ પવન ને લઈ ને પ્રાંતિજ ના જૈનપુર મા પણ ત્રણ મકાન ના પતરા ઉડયા હતા તો પ્રાંતિજ ના ફતેપુરા માં પણ કોંગ્રેસ ના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા ના ફાર્મ હાઉસ ઉપર રહેલ તબેલા ના સેડ ના પતરા ઉડયા હતા પતરા ઉડતા તબેલા મા રહેલ ગાય ઉપર સેડ પડતા ગાય માતા નુ મોત નિપજયુ હતુ તો પ્રાંતિજ ના અમીનપુર ખાતે પણ તેજ પવન વરસાદ ને લઈ ને એક વિજપોલ ધરાશયી થયો હતો તો વરસાદ અને તેજ પવન ને લઈ ને તાલુકામા અનેક જગ્યાએ ઝાડ ના ડાળા પડયા હતા.

# પ્રાંતિજના બાલીસણાનો કિશોર કુવામાં પડી જતા મોત...!!

પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના બાલીસણા ગામનો કિશોર પોતાના ખેતર ના કુવામા પડી જતા મોત નિપજયુ હતુ તો કિશોરના મોતને લઈ ને પરિવાર સહિત સંગાસંબધીઓ સહિત ગામમા શોક નુ મોજુ ફરી વળ્યુ. પ્રાંતિજના બાલીસણા ગામે પોતાના ખેતર મા કુવા પાસે ધરૂ વાડીયામાં ચકલા ઉડાડવા ગયેલ ૧૬ વર્ષ નો કિશોર હેત હસમુખભાઈ પટેલ નો કુવા પાસે હતો ને રાત્રી ના વરસાદને લઈ ને ૧૬ વર્ષ નો કિશોર હેત હસમુખભાઈ પટેલ નો પગ લપસી જતા કિશોર પાસે આવેલ કુવા માં પડયો હતો તો બુમાબુમ થતા આજુબાજુ માથી લોકો દોડી આવ્યા હતા અને પ્રાંતિજ ફાયર બ્રિગેડ ટીમ તથા ૧૦૮ ને જાણ કરી હતી તો પ્રાંતિજ ફાયર બ્રિગેડ ટીમ ના મુકેશભાઈ પરમાર, ગોપાલભાઈ પટેલ, સાગરભાઈ પટેલ સહિત ની ટીમ દોડી આવી હતી અને કુવામા પડેલ કિશોર ને બહાર કાઢવામા આવ્યો હતો તો તાત્કાલીક ૧૦૮ મારફતે



કિશોર ને પ્રાંતિજ સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યો હતો પણ પ્રાંતિજ સિવિલ ખાતે હાજર તબીબી દ્વારા કિશોર ને મૃત જાહેર કરવામા આવ્યો હતો તો મૃતક હેત હસમુખભાઈ પટેલ પ્રાંતિજ ખાતે આવેલ તક્ષશિલા સ્કુલ મા અભ્યાસ કરતો હતો અને આ વર્ષે કોરોના ને લઈ ને ધોરણ-૧૦ મા માસ્ક પ્રમોશન થી પાસ થયો હતો તો એકના એક પુત્ર હેત ના મોત ના સમાચાર ને લઈ ને પરિવાર ઉપર આભ ફાટયુ હતુ તો કિશોરના મોતને લઈ ને પરિવાર સંગાસંબધીઓ સમાજ સહિત ગ્રામજનો મા શોક નુ મોજુ ફરી વળ્યુ હતુ.

# અરવલ્લીમાં ગંગાસ્વરૂપ વિધવા આર્થિક સહાયમાં છેલ્લા બે વર્ષમાં ૨૨,૦૩૪ મહિલાઓને લાભ

મોડાસા, તા.૧૭

અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સપ્ટેમ્બર ૨૦૧૯ થી મે ૨૦૨૧ સુધી ખાસ ઝૂંબેશ શરૂ કરવામાં આવી હતી, જેમાં બાવીસ હજાર ચોત્રિસ મહિલાઓને આર્થિક સહાય આપવામાં આવી રહી છે.રાજ્ય સરકાર દ્વારા ગંગાસ્વરૂપ વિધવા આર્થિક સહાય શરૂ કરવામાં આવી હતી, જેમાં જિલ્લાના વિવિધ તાલુકાઓના રેવન્યુ તલાટી દ્વારા ઘરે ઘરે જઈને જરૂરિયાત મંદ મહિલાઓને સહાય આપવા માટે ખાસ ઝૂંબેશ શરૂ કરાઈ હતી, અને તેઓ સુધી સરકારી સહાય પહોંચાડવામાં આવી રહી છે.

# ભિલોડા ગામના બ્રાહ્મણ સમાજના નવનિયુંક્ત પ્રમુખ,ઉપ પ્રમુખની નિમણુંક

ભિલોડા,તા.૧૭

ભિલોડા ગામના બ્રાહ્મણ સમાજના નવનિયુંક્ત પ્રમુખ,ઉપ પ્રમુખની સર્વાનુમતે નિમણુંક કરાતાં સમાજમાં અત્ર-તત્ર-સર્વત્ર આનંદની લાગણી પ્રસરી છે.બ્રાહ્મણ સમાજની વાડીમાં બેઠક યોજાઈ હતી.ભિલોડા ગામના બ્રાહ્મણ સમાજના નવનિયુંક્ત પ્રમુખ પદે દિપેશભાઈ (દેવુંભાઈ) નારાયણભાઈ પંડ્યા,ઉપ પ્રમુખ જીગરભાઈ ગુણવંતભાઈ ત્રિવેદીની નિમણુંક કરાતાં બ્રહ્મ સમાજમાં આનંદની લાગણી પ્રસરી છે.